# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-09-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં એક હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

2) મુખ્યમંત્રીએ દરિયાકાંઠાની પર્યાવરણીય સુરક્ષાનું સંરક્ષણ સરકાર અને સમાજની સામૂહિક જવાબદારી ગણાવી.

3) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ એન. વી. અંજારિયાએ કહ્યું, ન્યાય આપવાની પ્રણાલિમાં A.I. સહભાગી બની શકે, પરંતુ નિર્ણયકર્તા નહીં.

4) 28 લાખ રૂપિયાથી વધુની કિંમતના કેફી પદાર્થ સાથે અમદાવાદથી ત્રણ લોકોની ધરપકડ.

5) રાજ્યમાં આગામી 15 તારીખ સુધી વરસાદની આગાહી – દક્ષિણ ગુજરાતમાં આવતીકાલે રેડ અલર્ટ.

----------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GNR DEVELOPMENT WORK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોઈ પણ વિકાસનું કામ નાણાના અભાવે અટકી ન જાય તે માટે સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. ગાંધીનગરમાં મહાનગરપાલિકા તથા માર્ગ અને મકાન વિભાગ હસ્તકના એક હજાર 848 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ જાહેરસભાને સંબોધતા શ્રી પટેલે આ વાત કહી. તેમણે વાયબ્રન્ટ ગુજરાત જેવા વૈશ્વિક સંમેલનમાં આવતા વિશ્વના દેશોના લોકો સમક્ષ ગાંધીનગરની વિશેષ ઓળખ ઉભી થાય તેવા કામોને પ્રાથમિકતા આપતા કુલ 48 કરોડ 26 લાખ રૂપિયાના નવા કામની જાહેરાત કરી.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

*( "કોટેશ્વર ક્રોસિંગ પર અંડરપાસ બનાવવાનું જે કામ છે એની આજે હું જાહેરાત કરૂં છું અને એના માટે 20.76 કરોડ રૂપિયા ફાળવીએ છીએ. એટલે ખૂબ વ્યવસ્થિત રીતે આજે પણ અહિયાંથી કહીએ છીએ કે માનનીય વડાપ્રધાનશ્રીએ એવું ફાઇનાન્શિયલ મેનેજમેન્ટ કર્યું છે ગુજરાતમાં કે આજે પણ આપણને વિકાસના કામોમાં પૈસા ખૂટતા નથી. કોઈ પણ વિકાસનું કામ હોય એ ક્યારેય પૈસાના હિસાબે ઊભું રહ્યું નથી.")*

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ગાંધીનગરને એક સમયે માત્ર સચિવાલયના શહેર તરીકે ઓળખવામાં આવતું હતું. આજે એ જ ગાંધીનગર યુનિવર્સિટીઓ, હેલિપેડનાં એક્ઝિબિશન ગ્રાઉન્ડ, GIFT CITY અને મહાત્મા મંદિર જેવા પ્રકલ્પોથી ઓળખાય છે

# CM PATEL GUJARAT UNIVERSITY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે “દરિયાકાંઠાની પર્યાવરણ સુરક્ષા અને ટકાઉપણા” અંગેની પરિષદના સમાપન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે તેમણે સમગ્ર વિશ્વ માટે ગંભીર પડકાર બનેલા આબોહવા પરિવર્તન, દરિયાઈ જળસ્તરમાં વધારો, તટીય ધોવાણ, સમૂદ્રી પ્રદૂષણ અને પ્લાસ્ટિક કચરા જેવી સમસ્યાઓનો સંદર્ભ આપી દરિયાકાંઠાની પર્યાવરણીય સુરક્ષાનું સંરક્ષણ સરકાર અને સમાજની સામૂહિક જવાબદારી ગણાવી. તેમણે આ પરિષદમાં થયેલા મંથન અને નિષ્ણાતો દ્વારા રજૂ કરાયેલા વિચાર સરકારની નીતિઓને નવી દિશા આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે તેવી આશા પણ વ્યક્ત કરી.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER) COASTAL**

*( “આજે ક્લાઈમેટ ચેન્જ, દરિયાઈ જળસ્તરમાં વધારો, તટીય ધોવાણ, સમુદ્રી પ્રદૂષણ અને પ્લાસ્ટિક વેસ્ટ જેવી સમસ્યાઓ સમગ્ર વિશ્વ સામે ગંભીર પડકાર બની છે. આપણે એવો વિકાસ કરવો છે જેમાં પ્રગતિની સાથે પ્રકૃતિ પણ હોય, ઉદ્યોગની સાથે પર્યાવરણ સુરક્ષા પણ હોય, રોજગાર સાથે દરિયાઈ જૈવ વિવિધતાનું રક્ષણ પણ હોય. કોસ્ટલ ઈકોલોજીનું રક્ષણ સરકાર અને સમાજની સામૂહિક જવાબદારી છે.”)*

# PRINCE RAHIM AGA KHAN V CM VISIT

પ્રિન્સ રહીમ આગાખાન પાંચમાએ આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી. બંને મહાનુભાવો વચ્ચે ગુજરાત સરકાર અને આગાખાન ડેવલપમેન્ટ નેટવર્ક વચ્ચે ટકાઉ, સમાવેશી અને માનવકેન્દ્રી વિકાસ માટે સહકારની નવી તક અંગેની ચર્ચા થઈ. દરમિયાન મુખ્યમંત્રીએ રાજ્ય સરકારની શ્રીઅન્ન, સૌર ઉર્જા અને સહકાર ક્ષેત્રની સફળતાની વિગતો રજૂ કરી. આ પ્રસંગે પ્રિન્સ રહીમ આગાખાન પાંચમાએ રાજ્ય સરકાર સાથે જળ સંરક્ષણ-પ્રાકૃતિક ખેતી, શ્રીઅન્ન, મહિલા સ્વસહાય જૂથના વિકાસના ક્ષેત્રમાં તત્પરતા દર્શાવી.

ઉલ્લેખનીય છે કે, મહામહીમ પ્રિન્સ રહીમ આગાખાન પાંચમ શિયા ઈસ્માઈલી મુસ્લિમોના 50-મા વંશપરંપરાગત ઈમામ તથા આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્કના અધ્યક્ષ તરીકે સેવા આપી રહ્યા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું, ટકાઉ વિકાસ, શિક્ષણ, કૌશલ્ય વિકાસ, ઉદ્યોગ પ્રોત્સાહન તથા વંચિત અને સંવેદનશીલ સમુદાયોના સશક્તિકરણ અંગેની આગાખાન ડેવલપમેન્ટ નેટવર્કની પ્રાથમિકતાઓ ગુજરાતની વિકાસ ફિલોસોફી સાથે સુસંગત છે.

# SUPREME COURT JUDGE AT NFSU

ગાંધીનગરમાં રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય – NFSU ખાતે ઇન્ડિયા ડિજિટલ ADR સમિટ 2026નું ઉદ્ઘાટન કરાયું. સમારોહની અધ્યક્ષતા કરતા પોતાના સંબોધનમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ એન. વી. અંજારિયાએ કહ્યું, લવાદ પ્રક્રિયા અથવા કોઈ પણ ન્યાયિક પ્રક્રિયામાં કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I.નો ઉપયોગ કરવો હોય તો કેટલીક મહત્વની બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. ન્યાય આપવાની પ્રણાલિમાં A.I. સહભાગી બની શકે, પરંતુ નિર્ણયકર્તા નહીં. આ પ્રસંગે તેમણે ઇન્ટરનેશનલ ડિજિટલ ડિસ્પ્યૂટ રિઝોલ્યૂશન સેન્ટર – IDDRCની ડિજિટલ પહેલ એવા સમ્યક પોર્ટલનું લોકાર્પણ કર્યું.

# JND LOK ADALAT

જુનાગઢમાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા જિલ્લાભરની અદાલતમાં યોજાયેલી આ વર્ષની ત્રીજી લોક અદાલતમાં દિવાની, ફોજદારી, વીજ કંપની, વીમા કંપની, અકસ્માત અને પારિવારિક કેસમાં સુખદ સમાધાન થાય તેવા વકીલો અને પક્ષકારો દ્વારા પ્રયાસ કરાયા. જિલ્લા ન્યાયાધીશ એસ. એલ. ઠક્કરના હસ્તે આજે મોટર અકસ્માતના કેસમાં મૃતકના વારસદારોને 60 લાખ રૂપિયાનો ચેક અર્પણ કરાયો. આ અંગે જિલ્લા ન્યાયાધીશે કહ્યું, આવા સમાધાનકારી વલણથી લોક અદાલત પર લોકોનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

---------------------------------------------------------------------------

**DESK**

# ARL GANESH CHATURTHI

ગણેશ ચતુર્થીના પર્વને લઈ અરવલ્લીમાં ગણપતિ દાદાની મૂર્તિઓ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. મોડાસામાં કુંભારવાડા વિસ્તારમાં કારીગરો દ્વારા પર્યાવરણ અનુકૂળ મૂર્તિઓ બનાવવામાં આવી રહી છે. આ અંગે મૂર્તિ બનાવનારા કારીગર સચિન પ્રજાપતિએ વધુ માહિતી આપી.

## (BYTE: SACHIN PRAJAPATI)

*("હું છેલ્લા 4 થી 5 વર્ષથી માટીની મૂર્તિઓ બનાવું છું ઇકો ફ્રેન્ડલી. અને અમે 6 ઇંચથી લઈને સાડા 5 ફૂટ સુધીની માટીની ઇકો ફ્રેન્ડલી મૂર્તિઓ અમે બનાવીએ છીએ. અને ઇકો ફ્રેન્ડલી મૂર્તિઓનો મુખ્ય હેતુ એ છે કે જે જળચર પ્રાણીઓને નુકસાન ન થાય એટલા મા ટે અમે ઇકો ફ્રેન્ડલી માટીની મૂર્તિઓ બનાવીએ છીએ. અને અમે ગ્રાહકોને પણ અપીલ કરીએ છીએ તમે માટીની મૂર્તિઓ વાપરો જેથી પા ણીનું પ્રદૂષણ ન થાય.")*

# JMR LIBRARY INAUGURATION

જામનગરમાં શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાનાં જન્મદિવસ નિમિત્તે સમાજને 21 સેવાકીય પ્રવૃત્તિઓ સમર્પિત કરતો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે જામનગરના મચ્છરનગર ખાતે વીર મહારાણા પ્રતાપ પુસ્તકાલયનું લોકાર્પણ કરાયું હતું. દરમિયાન સુશ્રી જાડેજાએ વિદ્યાર્થીઓને પુસ્તકાલયનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો.

**(BYTE: RIVABA JADEJA, MINISTER OF STATE, PRIMARY , SECONDARY AND ADULT EDUCATION)**

***("यहाँ बहुत सारे ऐसे बच्चे हैं कि जो कॉम्पिटिटिव एग्जाम की प्रिपरेशन के लिए सिटी सेंटर में जाते हैं पढ़ने के लिए। आज लाइब्रेरी का लोकार्पण किया। लाइब्रेरी जो है, वह बच्चों के लिए खुली है। मैं आप सभी से नगरजनों से यह अभ्यर्थना करती हूँ कि यह आपके लिए और हमारे फ्यूचर जनरेशन को आगे बढ़ाने के लिए लाइब्रेरी है। और जिसमें 42 की कैपेसिटी है और AC लाइब्रेरी है, जिसमें आराम से पढ़ सकते हैं। पूरी पुस्तकों का सेट भी हम इसमें रखने वाले हैं।")***

# AMD MD DRUGS SEIZED

અમદાવાદ ગુનાશાખાએ નરોડા હંસપુરા વિસ્તારમાંથી 28 લાખ રૂપિયાથી વધુની કિંમતના કેફી પદાર્થ સાથે ત્રણ લોકોની ધરપકડ કરી. પ્રાથમિક પૂછપરછમાં આરોપીઓએ મધ્યપ્રદેશના મન્ડસૌરમાં રહેતા એક વ્યક્તિએ આ કેફી પદાર્થનો જથ્થો અમદાવાદ પહોંચાડવાનું કામ સોંપ્યું હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ આરોપીઓ અમદાવાદમાં કોને આ કેફી પદાર્થ આપવાના હતા તે અંગે તપાસ હાથ ધરી છે. સાથે જ પોલીસે મધ્યપ્રદેશના વ્યક્તિ સહિત ચાર લોકો સામે ગુનો નોંધ્યો છે.

# EVE STATE WEATHER UPDATE

રાજ્યમાં આગામી 15 તારીખ સુધી વરસાદની આગાહી છે. દરમિયાન આવતીકાલે દક્ષિણ ગુજરાતમાં રેડ અલર્ટ એટલે કે, લાલ રંગની ચેતવણી જાહેર કરવામાં આવી છે. જ્યારે 14 તારીખે પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, દીવ, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગરહવેલીમાં ઑરેન્જ અલર્ટ એટલે કે, નારંગી રંગની ચેતવણી અપાઈ હોવાનું હવામાન વિભાગ અમદાવાદના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)**

***("कल के लिए जो रेड वार्निंग दिया गया है, आइसोलेटेड प्लेसेस में नवसारी, वलसाड, दमन, दादरा नगर हवेली के लिए दिया गया है। ऑरेंज वार्निंग दिया गया है भरूच, सूरत, डांग और तापी के लिए दिया गया है। और येलो वार्निंग दिया गया है अहमदाबाद, आनंद, पंचमहाल, दाहोद, वडोदरा, छोटा उदयपुर और नर्मदा के लिए दिया गया है। सौराष्ट्र-कच्छ में जो ऑरेंज वार्निंग दिया गया है अमरेली और भावनगर के लिए दिया गया है। येलो वार्निंग राजकोट, पोरबंदर, जूनागढ़, गिर सोमनाथ, बोताद और दीव के लिए दिया गया है।")***

# OVERALL RAIN

રાજ્યમાં આજે કેટલાક જિલ્લામાં વરસાદના અહેવાલ છે.

પંચમહાલના ગોધરામાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ થતાં લોકોને ગરમી માંથી રાહત મળી. અમદાવાદમાં પણ હમણાં સાંજે આશ્રમ રોડ સહિતના વિસ્તારોમાં વરસાદ થયાના અહેવાલ છે.

તો, હવામાન વિભાગની આગાહીને પગલે ડાંગમાં વહીવટી તંત્ર દ્વારા ડાંગના લોકોને અને પ્રવાસીઓને સાવચેતી રાખવા અને તકેદારીના પગલાં લેવા અપીલ કરવામાં આવી.

અરવલ્લીમાં લાંબા વિરામ બાદ મેઘરજ અને માલપુરમાં વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી. આ સાથે મગફળી, સોયાબીન અને મકાઈ સહિતના પાકને આ વરસાદથી જીવતદાન મળશે તેવી આશા ખેડૂતોમાં જાગી છે.

મહીસાગર જિલ્લામાં લાંબા વિરામ બાદ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વરસાદ થયો. સંતરામપુર, ખાનપુર, કડાણા અને લુણાવાડા તાલુકામાં વરસાદ થતાં ચોમાસુ પાક ને જીવત દાન મળશે તેવી ખેડૂતો આશા સેવી રહ્યા છે.

બનાસકાંઠામાં દાંતા તેમજ હડાદ તાલુકાના હડાદ, મંડાલી, ભાણપુર, ઘાગડીયા સહિતના ગામમાં વરસાદ થતા ખેડૂતો અને સ્થાનિકોમાં આનંદની લાગણી જોવા મળી. તો, છોટાઉદેપુરમાં બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવતા ભારે વરસાદ વરસ્યો.